# ફેડરેશન મોઢવણિક સમાજ
## (શ્રી મોઢવણિક સમાજનું આંતરરાષ્ટ્રીય સંગઠન)
## ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. એ-૧૯૫૩ તા.૧૩-૧૦-૨૦૦૯

સંકલન : અજીત દેસાઈ

## સંસ્થા પરિચય

શ્રી મોઢવણિક જ્ઞાતિના પૂર્વજોનું ઉદગમ સ્થાન ગુજરાત રાજયના મહેસાણા જિલ્લાના "મોઢેરા" મુકામે આવેલ છે. મોઢેરાની પવિત્ર ભૂમિ કે જયાં સુર્યમંદિર તેમજ સમગ્ર મોઢ પરિવારના કુળદેવી મા શ્રી મોઢેશ્વરી માતાનું અદભુત સ્થાન બિરાજમાન છે તેવા પવિત્ર અને સંસ્કારમય પ્રદેશમાંથી શ્રી મોઢવણિક સમાજના પરિવારોનું જન્મસ્થાન ગણવામાં આવે છે. આ વાત સૈકાઓ પુરાણી છે જેનો ઉલ્લેખ ઈતિહાસવિદોએ ઈતિહાસમાં નોંધ્યો છે.

શ્રી મોઢવણિક જ્ઞાતિના પરિવારો મુળભુત રીતે ગુજરાતી પરિવારનો સમુહ છે જે સમયાંતરે સ્થળાંતર કરીને વિવિધ પ્રદેશોમાં વસ્યા છે. શ્રી મોઢવણિક સમાજના નજીકના ઈતિહાસમાં નજર દર્શાવીએ તો પોરબંદરના શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી કે જેઓ ભારતમાં "મહાત્મા ગાંધી બાપુ" ના લાડકવાયા નામે, વિશ્વભરમાં પ્રતિષ્ઠા પામેલ છે. જેમના વિચારો આજે પણ એટલાજ તરો તાજા છે. આઝાદ ભારતના આર્થિક વિકાસમાં અને ઉદ્યોગ જગતમાં જેમણે ટુંક સમયમાં અદ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે તેવા સદા સન્માનિય શ્રી ધીરૂભાઈ અંબાણી તેમજ તેમના લાડકવાયા પુત્રો સર્વશ્રી મુકેશભાઈ અંબાણી અને શ્રી અનિલભાઈ અંબાણી તથા શ્રીમતિ કોકિલાબેન અંબાણીનો મહતમ ફાળો ગણવામાં આવે છે. સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના 'સરસીયા' ગામના વતની એવા શ્રી અરૂણભાઈ જયંતિલાલ મુછાળા જેઓ મુંબઈના ઉદ્યોગજગતમાં નામના ધરાવે છે. જેની જ્ઞાતિ ભાવના સદાય સકારાત્મક તેમજ સહાયરૂપ અને વિચારોમાં હંમેશા પ્રગતિશીલ સમાજની રચનાનો પ્રચંડ ઉતસાહ ધરાવે છે. જ્ઞાતિ મંડળોમાં 'ભામાશા'ની વિશિષ્ટ પ્રતિભા ધરાવે છે. જેમાં શ્રી મુકુન્દભાઈ કે. શાહ (ચા-વાળા, કલકતા), શ્રી મથુરભાઈ પારેખ (ઝંડુવાળા-મુંબઈ), શ્રી પ્રવિણભાઈ દોશી (બિલ્ડર-મુંબઈ), શ્રી અનંતરાય એન. શાહ (અમદાવાદ),શ્રી સુભાષભાઈ મહેતા (અમદાવાદ),શ્રી હર્ષદભાઈ શાહ (અમદાવાદ), શ્રી ચીમનલાલ શાહ (વટવાવાળા-અમદાવાદ), શ્રી સુભાષભાઈ શાહ (બિલ્ડર-અમદાવાદ), શ્રી જયંભાઈ ગાંધી તથા શ્રી જયમીનભાઈ ગાંધી (દિલ્હી) આવા અનેક હીરલાઓ-વીરલાઓ શ્રી મોઢ વણિક જ્ઞાતિમાંથી આવ્યા છે. ઉપરાંત મોઢવણિક જ્ઞાતિના મુખપત્ર 'મોઢ મહોદય' ના સ્થાપક સ્વ.શ્રી ભીખાભાઈ પારેખ, સ્વ.શ્રી ગોરધનદાસ મણીયાર અને સ્વ.શ્રી દામોદરદાસ દેસાઈ આવા શ્રેષ્ઠીઓનો ઈતિહાસ આપણી જ્ઞાતિ ધરાવે છે.

આવા ગૌરવપ્રદ શ્રી મોઢવણિક સમાજના અનેક વિવિધ મંડળો, સંસ્થાઓ, ટ્રસ્ટ, ગ્રુપ ભારતભરમાં અને વિદેશોમાં પોતપોતાની રીતે સમાજીક પ્રવૃતિઓમાં કાર્યરત છે અને સુંદર કામગીરી કરી રહેલ છે.

આવા સમગ્ર શ્રી મોઢવણિક સમાજના મંડળો, અગ્રણી સામાજીક કાર્યકરો, બુધ્ધિજીવીઓ, વકીલો, ડોકટર્સ, એન્જીનીયર્સ, ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ તેમજ સમાજના વિવિધ સ્તરે ઉચ્ચ હોદાઓ ઉપર કાર્યરત રહેલા મહાનુભાવો વિગેરે સૌને શ્રી મોઢવણિક જ્ઞાતિની પ્રગતિમાં સર્વાંગી રસ છે. તે સૌ મહાનુભાવોને એક વિશાળ મંચ ઉપર ભેગા થવા, સંકલિત થવા માટે તાજેતરમાં "ફેડરેશન મોઢવણિક સમાજ" ની સ્થાપના કરવામાં આવેલ છે અને શ્રી મોઢવણિક જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે તેનો અભુતપુર્વ ઉદય થયો છે.

તા.૨૫-૯-૨૦૦૫ ના રોજ ભાવનગર મુકામે યોજાયેલ મહાસંમેલનમાં 'ફેડરેશન'નું બંધારણ રજુ કરવામાં આવેલ જેમાં જરૂરી સુચનોનો સ્વિકાર કરીને સર્વાનુમતે બંધારણ પસાર કરવામાં આવેલ. જેમાં સર્વશ્રી શ્રી અરૂણભાઈ જે. મુછાળા, શ્રી વિનોદભાઈ એમ. અંબાણી, શ્રી બીપીનભાઈ એન. પરીખ, શ્રી ગીરીશભાઈ શેઠ, શ્રી અજીતભાઈ પી. દેસાઈ તથા અન્ય કાર્યકરોનો અતિ મહત્વનો સહયોગ પ્રાપ્ત થયેલ હતો.

'ફેડરેશન'ને કાનૂની સ્વરૂપ આપવા માટે ટ્રસ્ટની રચના કરીને ભાવનગર મુકામે નોંધણી કરવા માટેની કાનૂની વિધિ કરવામાં આવેલ અને તા.૧૩-૧૦-૨૦૦૬ના રોજ ટ્રસ્ટ તરીકે કાનુનિ સ્વરૂપ મળેલ જેનો નોંધણી નંબર એ-૧૬૫૩ છે. ત્યાર બાદ આવકવેરા ધારા અન્વયે પાન નંબર, ૧૨-એ તથા ૮૦-જી ની પ્રક્રિયા હવે લગભગ પુરી થવામાં છે.

## સંસ્થાના હેતુઓ

આ સંસ્થાના મુખ્ય હેતુઓ શ્રી મોઢવણિક સમાજના સર્વાંગી પ્રગતિ માટે શૈક્ષણિક સહાય, આરોગ્ય અને તબિબી સહાય, સામાજીક પ્રવૃતિઓ, મહિલા તથા બાળ વિકાસ, સમુહ લગ્ન તથા પસંદગી મેળાઓ, વડિલોની સાર-સંભાળ, જ્ઞાતિની વાડીઓ, છાત્રાલયો, ગેસ્ટ હાઉસ, સ્વરોજગારલક્ષી માર્ગદર્શન, રોજગાર બ્યુરો, આધ્યાત્મિક તેમજ લીડરશીપ માટેના સેમીનાર, ભાતૃભાવનો વિકાસ અને સમન્વય આવા અનેકવિધ સામાજીક પ્રગતિ માટેના હેતુઓનો તબકકાવાર અમલ કરવામાં આવશે.

પ્રથમ તબકકામાં ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ માટે, લાયક વિદ્યાર્થી ભાઈ-બહેનોને વર્ષ ૨૦૦૭-૦૮ થી આર્થિક સહાય આપવામાં આવશે અને આવા હોશીયાર વિદ્યાર્થીઓ પૈસાના લીધે શિક્ષણ ન લઈ શકે તેવું ન થાય તેવા પ્રયાસો રહેશે. આવા વિદ્યાર્થીઓ દતક લઈને સંપૂર્ણ શિક્ષણ મળી રહે ત્યાં સુધી તમામ આર્થિક સહાય કરવામાં આવશે. આવા વિદ્યાર્થીઓ ભણી ગણીને કમાતા થાય ત્યાર બાદ સંસ્થાને આપવામાં આવેલી સહાય હપ્તેથી પરત કરવાની રહેશે. આવી સહાય ઉપર કોઈપણ જાતનું વ્યાજ કે ખર્ચ લેવામાં નહિં આવે. જેથી અન્ય વિદ્યાર્થીઓને સહાય કરવા માટેની વ્યવસ્થા સતત કાયમ ચાલુ રાખી શકાય. આમ ગરીબ તથા મધ્યમ વર્ગના મા-બાપને પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવા માટે પ્રોત્સાહન મળશે અને આર્થિક બોજાની ચિંતા પણ ન રહે.

આ માટે ફેડરેશન દ્વારા 'શૈક્ષણિક સહાય ફંડ' ઉભુ કરવાનું નકિક કરેલ છે. આ ફંડમાં સહયોગ આપનાર વ્યકિત કે સંસ્થાને આવકવેરા ધારા અન્વયે ૮૦-જીની પહોંચ આપવામાં આવશે જેથી તે રકમ આવકવેરામાં મજરે મળી રહે.

દ્વિતીય તબકકામાં 'આરોગ્ય અને તબિબિ સારવાર' માટે જ્ઞાતિજનોને જેઓ આર્થિક પછાત હોય, મધ્યમ વર્ગીય કુટુંબોને રાહતભાવે કે વિનામુલ્યે સામુહિક મેડિકલેઈમ પોલીસી અન્વયે તબિબિ સહાય આપવામાં આવશે. તેમજ ગંભીર સ્વરૂપના દર્દ માટે સંપુર્ણ સહાયના અભિગમ સાથે આ પ્રવૃતિ કરવામાં આવશે.

આ માટે 'આરોગ્ય અને તબિબિ સારવાર ફંડ' ઉભુ કરવાનું નકિક કરવામાં આવેલ છે. આ ફંડમાં સહયોગ આપનારને પણ આવકવેરા ધારા અન્વયે ૮૦-જીની પહોંચ આપવામાં આવશે.

આ ઉપરાંત જ્ઞાતિના જે તે ક્ષેત્રના નિષ્ણાંત વ્યકિતઓ દ્વારા ભારતભરમાં જ્ઞાતિજનોને જ્ઞાતિના કાર્યમાં રસ કેળવવા માટે, સામાજીક પ્રગતિમાં સહાયક થવા, અંધશ્રધ્ધા અને કુરીવાજો દુર કરવા માટે, ભાતૃભાવના

સુદઢ બનાવવા માટે, ઉચ્ચ શિક્ષણની જાણકારી પુરી પાડવા, સ્વરોજગાર તેમજ રોજગાર લક્ષી માહિતી માટે, સાંસ્કૃતિક કાર્યક્રમો, ધાર્મિક કાર્યક્રમો, જ્ઞાન-શિબિરો, લીડરશીપ સેમીનાર, યુવાનોમાં સામાજીક જાગૃતિ માટેની શિબિરો તથા શ્રી મોઢ વણિક સમાજના તમામ જ્ઞાતિજનો માટેનું સમયાંતરે ''રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય મહાસંમેલન'' યોજીને જ્ઞાતિ ભાવનાને જાગૃત કરી, સહયોગ પ્રાપ્ત કરીને સુંદર અભિયાન હાથ ધરવામાં આવશે.

ફેડરેશન દ્વારા અનેકવિધ સામાજીક પ્રવૃતિઓ તથા જ્ઞાતિ ઉત્કર્ષ કાર્યક્રમો માટે વિવિધ સહાયકફંડ ઉભા કરવાનું પણ નકિક કરેલ છે.

(૧) સમુહ લગ્ન તથા પસંદગી મેળા સહાયક ફંડ
(૨) મહિલા તથા બાળ-વિકાસ પ્રવૃતિ સહાયક ફંડ
(૩) રોજગાર બ્યુરો તથા સ્વરોજગારી સહાયક ફંડ
(૪) જ્ઞાતિનીવાડી, ગેસ્ટહાઉસ, છાત્રાલય સહાયક ફંડ
(૫) વડિલોની સાર સંભાળ સહાયક ફંડ
(૬) શારીરીક અપંગ વ્યકિત સહાયક ફંડ
(૭) સામાન્ય સામાજીક કાર્ય સહાયક ફંડ

શ્રી મોઢવણિક જ્ઞાતિના સાધન સંપન્ન જ્ઞાતિજનો, શ્રેષ્ઠિઓ, વ્યાપારીજનો, ઉદ્યોગપતિઓ, વિવિધ કોર્પોરેટ સેકટર્સ, ઉદ્યોગગૃહો વિગેરેને પોતાની પસંદગી પ્રમાણે વિવિધ સહાયક ફંડમાં જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે ઉદારતાથી આર્થિક સહાય આપવા માટે અનુરોધ કરવામાં આવે છે

## સંસ્થાનું સભ્ય પદ

શ્રી મોઢવણિક જ્ઞાતિની કોઈપણ સક્ષમ વ્યકિત આ સંસ્થાના સભ્ય તરીકે નીચે પ્રમાણેની કેટેગરીમાં ફી/લવાજમ આપીની થઈ શકશે.

૧. આજીવન સભ્ય :-

સમગ્ર ભારતમાં રહેતા અગર પરદેશ વસતા પુખ્તવયના કોઈપણ મોઢવણિક જ્ઞાતિની સક્ષમ વ્યકિત આ સંસ્થામાં આજીવન સભ્ય તરીકે સભ્ય થઈ શકશે. આજીવન સભ્યને પોતાની હયાતી પછી એક વારસદારની નિમણુંક કરવાનો અધિકાર મળે છે. સભ્ય ફી રૂા.૧૧,૦૦,૦૦૧/- (અંકે રૂપિયા અગીયાર લાખ એક પુરા) હાલમાં રાખવામાં આવેલ છે. આજીવન સભ્ય તરીકે ફકત પચીસ (૨૫) સભ્યો જ લેવાના છે.

૨. પેટ્રન સભ્ય :-

સમગ્ર ભારતમાં વસતી અગર પરદેશમાં વસતી પુખ્તવયની કોઈપણ મોઢવણિક જ્ઞાતિની સક્ષમ વ્યકિત આ સંસ્થામાં સભ્ય થઈ શકશે. સભ્ય થવા માટે રૂા.૧૧,૦૦૧/- (રૂપીયા અગીયાર હજાર એક પુરા) હાલમાં રાખવામાં આવેલ છે.

૩. સંસ્થાકિય સભ્ય:-

મોઢવણિક સમાજની કોઈપણ જ્ઞાતિ, સંસ્થા, નોંધાયેલ ટ્રસ્ટ અગર નોંધાયેલા ન હોય તેવા ટ્રસ્ટ, મંડળો સંસ્થાકિય સભ્ય થઈ શકશે. આવા સભ્ય થવા માટે જે તે સંસ્થાએ ઠરાવ કરીને પોતાના

પ્રતિનીધી નીમવાના રહેશે. જે સંસ્થાના સભ્ય તરીકે ગણાશે. સંસ્થાના લેટરપેડ ઉપર ઠરાવની અને બંધારણની નકલ સાથે પ્રતિનિધીની નોંધણી ફેડરશેનમાં કરાવવાની રહેશે. હાલમાં સંસ્થાકિય સભ્યપદ માટે રૂા.૨૫૦૦૧/- (અંકે રૂપીયા પચીસ હજાર એક પુરા) રાખવામાં આવેલ છે. જયારે જયારે હોદેદારો બદલાય ત્યારે તેની નોંધ તુરંત સંસ્થામાં દિવસ-૩૦ માં કરાવવાની રહેશે.

<u>૪.</u> <u>સ્થાપક સભ્ય:-</u>

આ સંસ્થાની જે સાત સભ્યોએ સ્થાપના કરી છે તે સભ્યો સ્થાપક સભ્યો તરીકે ગણવામાં આવશે. સ્થાપક સભ્ય ઉપરોકત ત્રણેય કેટેગરીમાંથી એકના સભ્ય હોવા જરૂરી છે. આ સભ્યો સામાન્ય સભાના કાયમી સભ્ય ગણાશે અને તેઓ કારોબારી કમિટીના સભ્ય જેટલા જ હકક ભોગવશે.

## <u>સંસ્થાના ટ્રસ્ટીઓ</u>

૧. શ્રી અરૂણભાઈ જયંતિલાલ મુછાળા, પ્રમુખ
અમર મહલ, ચંદન સીનેમા પાસે, હરેકૃષ્ણ મંદિર પાસે,
જુહુ - મુંબઈ - ૪૦૦૦૪૯

૨. શ્રી વિનોદભાઈ મનસુખલાલ અંબાણી - સેક્રેટરી
૭-ડી, લેન્ડઝ એન્ડ, ૨૭ ડુંગરશી રોડ,
મલબાર હીલ, મુંબઈ - ૪૦૦૦૦૬

૩. શ્રી રીતેશભાઈ ગીરીશચન્દ્ર ગાંધી, ટ્રેઝરર
૩૦૮, શૈલ બિલ્ડીંગ, મધુસુદન હાઉસ સામે, ઓફ.સી.જી. રોડ,
ગીરીશ કોલ્ડ્રીંક ગલી, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯

૪. શ્રી અનંતરાય નારણદાસ શાહ, ટ્રસ્ટી
૧૦/૧૧, ઘનશ્યામ બાગ, નં.૧ કામાગલી હાંસોટી લેન,
ઘાટકોપર (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૮૬

૫. શ્રી અજીતભાઈ પ્રતાપરાય દેસાઈ, ટ્રસ્ટી
શ્રધ્ધા, દતાત્રેય મંદિર પાસે, વી.બી.શેઠ રોડ,
જામનગર - ૩૬૧૦૦૮

૬. શ્રી ગીરીશભાઈ અમૃતલાલ શેઠ, ટ્રસ્ટી
૧૫૮, માધવ દર્શન, વાઘાવાડી રોડ,
ભાવનગર - ૩૬૪૦૦૧.

૭. શ્રી બીપીનભાઈ નવનીતરાય પરીખ, ટ્રસ્ટી
પંકિત ટ્રડર્સ, ૧૧૦/એ સીટી સેન્ટર, કાળાનાળા, ભાવનગર - ૩૬૪૦૦૧

ઉપરોકત સાત મહાનુભાવો ફેડરેશનના સ્થાપક સભ્યો અને ટ્રસ્ટીઓ તરીકે પ્રસ્થાપિત થયેલ છે.

## સંસ્થાનું કાર્યાલય

૧. રજીસ્ટર ઓફિસ :-

શ્રી બીપીનભાઈ એન. પરીખ, ટ્રસ્ટી

પંક્તિ ટ્રેડર્સ, ૧૧૦-એ સીટી સેન્ટર,

કાળાનાળા, ભાવનગર – ૩૬૪૦૦૧

૨. કાર્યવાહક ઓફિસ :-

શ્રી અરૂણભાઈ જે. મુછાળા, પ્રમુખ

શ્રી ચંદ્રકાન્ત એ. મહેતા, મેનેજર

અમર મહલ, ચંદન સીનેમા પાસે, હરેકૃષ્ણ મંદિર પાસે,

જુહુ, મુંબઈ – ૪૦૦૦૪૯. Email Address : modhvanikfederation@yahoo.co.in

## સંસ્થાનો વહિવટ

"ફેડરેશન મોઢવણિક સમાજ" ના બંધારણ પ્રમાણે સંસ્થાનો સમગ્ર વહિવટ લોકશાહી પધ્ધતિ પ્રમાણે તેમજ પારદર્શક રાખવામાં આવશે. ફેડરેશનની વિવિધ પ્રવૃતિઓ માટે કમિટિની રચના કરીને, દરેક કાર્યોની વહેંચણી નિષ્ણાંત અને અનુભવી તથા ઉત્સાહી અને સામાજીક સહાયની ભાવના ધરાવતા, તટસ્થ કાર્યકરોને સોંપવામાં આવશે અને સામુહિક ભાવનાથી, પ્રમુખશ્રીની સુચના તથા માર્ગદર્શન દ્વારા પ્રવૃતિ કરવામાં આવશે.

ટ્રસ્ટના કાયદા પ્રમાણે, દર વર્ષે સંસ્થાકિય હિસાબોનું ઓડિટ કરાવવામાં આવશે. માહિતિ પ્રસિધ્ધ કરાવવામાં આવશે અને જરૂર પડશે તો ઈન્ટરનલ ઓડિટરની નિમણુંક કરવામાં આવશે. સમયાંતરે સંસ્થાની આર્થિક સ્થિતીનું કમિટીમાં વિશ્લેષણ કરવામાં આવશે.

'ફેડરેશન મોઢવણિક સમાજ' સંસ્થાનો અભિગમ, પ્રવૃતિઓ તથા ભવિષ્યમાં થતા કાર્યનું વિશ્લેષણ ટુંકમાં રજુ કરતા અમે સૌ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

'ફેડરેશન'ની રચનામાં કદાચ આપણે થોડું મોડું કરેલ છે તેવી લોકલાગણી છે પરંતુ હવે જયારે ફેડરેશનનું અસ્તિત્વ થઈ ચુકયુ છે અને ઉત્સાહી તથા નિષ્ઠાવાન ટ્રસ્ટીઓ જહેમત ઉઠાવે છે ત્યારે સૌ મોઢ વણિક જ્ઞાતિના જ્ઞાતિજનો, કાર્યકરો, સંસ્થાઓ, સેવકો, બુદ્ધિજીવીઓ, આગેવાન ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ, વિવિધ સ્તરે ફરજ બજાવતાં અધિકારીઓ, ફેડરેશનના સભ્ય બનીને તેમજ તન, મન અને ધનથી સંસ્થાના શુભ હેતુઓને સાર્થક કરવા માટે, નિષ્ઠાપુર્વક સામાજીક કાર્યમાં જોડાઈને ફેડરેશનને મજબુત બનાવવાના ભગીરથ કાર્યમાં જોડાઈ જઈએ.

છેલ્લે છેલ્લે, આ ભગિરથ કાર્યમાં, શ્રી મોઢવણિક જ્ઞાતિના તમામ સભ્યો-સંસ્થાઓ પોતાનો યથાયોગ્ય, સંપૂર્ણ નિષ્ઠાપુર્વકનો સહયોગ આપવા આગળ આવશે જ તેવો અમને, તમને અને આપણને સૌને વિશ્વાસ છે....